/૬

ગુજરાત વિચરતી-વિમુક્ત જાતિ
વિકાસ નિગમને વર્ષ ૨૦૧૮-૧૯
માટેની શેરમૂડી ફાળાની
રૂ. ૧૦૦.૦૦ લાખની ગ્રાન્ટ
ફાળવવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ વવજ-૧૦૨૦૧૭-૮૪૬-અ.૧
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ- /૦૫/૨૦૧૮
10 MAY 2018

**વંચાણે લીધાઃ-**

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા. ૧૧-૦૪-૨૦૧૮ નો ઠરાવ ક્રમાંકઃ બજટ/૧૦૨૦૧૭/૧૦૧૧૧૭/બ

(૨) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતાનો તા.૦૨/૦૫/૨૦૧૮નો પત્રક્રમાંકઃવિજાક/ બો.નિ./૨૦૧૮-૧૯/૧૧૫-૧૧૬

**ઠ રા વઃ-**

ગુજરાત વિચરતી-વિમુક્ત જાતિ વિકાસ નિગમને નાણાકીય વર્ષ ૨૦૧૮-૧૯ માટે શેરમુડી ફાળા માટે વર્ષ ૨૦૧૮-૧૯ માં રૂ.૧૦૦.૦૦ લાખની( અંકે રુપિયા સો લાખ પુરા) શેરમુડી ફાળાની ગ્રાન્ટની જોગવાઇ કરવામાં આવેલ છે. જે અન્વયે આ વિભાગના વંચાણ (૧) સામે દર્શાવેલ તા.૧૧-૦૪-૨૦૧૮ ના ઠરાવથી ગ્રાન્ટની વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે. નિયામકશ્રી(વિ.જા.ક.)ના વંચાણ (૨) હેઠળના તા.૦૨-૦૫-૨૦૧૮ના પત્રથી આ ગ્રાન્ટ ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમના હવાલે મૂકવા કરેલ દરખાસ્ત સરકારની વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાના અંતે રૂ.૧૦૦.૦૦ લાખ(અંકે રૂપિયા સો લાખ પુરા)ની શેરમુડી ફાળાની ગ્રાન્ટ ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમ, ગાંધીનગરના હવાલે મુકવા નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતું, ગાંધીનગરને નીચેની શરતોને આધિન આથી મંજૂરી આપવામાં આવે છે.

**શરતોઃ-**

(૧) આ ગ્રાન્ટ નિયામકશ્રી વિકસતી જાતિ કલ્યાણ ખાતું, ગાંધીનગરે તાત્કાલિક ગુજરાત વિચરતી-વિમુક્ત જાતિ વિકાસ નિગમના હવાલે મુકવાની રહેશે.

(૨) નિગમે આ ગ્રાન્ટનો ઉપયોગ જે હેતુ માટે જોગવાઇ કરવામાં આવી હોય તે હેતુ માટે જ ખર્ચ કરવાનો રહેશે.

(૩) આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંક: ૯૨ મુખ્ય સદર: ૪૨૨૫ અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અન્ય પછાતવર્ગ અને લઘુમતિઓનું કલ્યાણ અંગે મૂડી ખર્ચ જોગવાઇ, પેટા મુખ્ય સદર: ૮૦ સામાન્ય, ગૌણ સદર:૧૯૦ જાહેર ક્ષેત્ર અને અન્ય ઉપક્રમોને નાણાંકીય સહાય, પેટા સદર:૦૧ ડીએનટી-૯ ગુજરાત વિચરતી વિમુક્ત જાતિ વિકાસ નિગમને શેરમુડી ફાળો હેઠળ ઉધારવો તથા તે હેઠળ ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૧૮-૧૯માં કરવામાં આવેલ જોગવાઇમાંથી મેળવવાનો રહેશે અને વર્ષના અંતે રહેતી બચત સુપ્રત કરવાની રહેશે.

આ ઠરાવ વિભાગની સરખાક્રમાંકની ફાઇલ પર વિભાગના અગ્રસચિવશ્રી(સા.ન્યા.)ની તા.૦૯-૦૫-૨૦૧૮ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આઇ.એમ.ઘાંચી)
સેક્શન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ

- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતું, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

**નકલ રવાના:-**

- મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત વિચરતી-વિમુક્ત જાતિ વિકાસ નિગમ, ગાંધીનગર
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ.
- રેસિડેન્ટ ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી(કોમ્પ્યુટર સેલ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય તરફ વેબસાઇટ પર મૂકવાની વિનંતીસહ.
- સિલેકટ ફાઇલ.